સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે "ઉન્નતવર્ગ" **(Creamy layer)** માં સમાવેશ થતો નથી તેવુ પ્રમાણપત્ર આપવા આવક મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : સશપ/૧૧/૨૦૦૯/૨૯૭૩૬૮/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૯/૮/૨૦૧૨

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૮/૯/૯૩ નું ઓફિસ મેમોરેંડ્મ ક્રમાંક:૫૩૬૦૧૨/૨૨/૯૩ ઈએસટી(એસસીડી)

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧/૧૧/૯૫ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૬/૨/૯૬ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૪/૯૫૯/અ

(૪) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨/૧૧/૯૭ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૬/૯૪૪/અ

(૫) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૭/૯૮ નો પરિપત્ર ક્રમાંક: સશપ/૧૪૯૭/૧૭૪૫/અ

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૯૯ નો પરિપત્ર ક્રમાંક: સશપ/૧૪૯૯/મ.૧૫/અ

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ

(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ

(૯) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૧૪/૧૦/૨૦૦૮ નું ઓફિસ મેમોરેંડ્મ ક્રમાંક: ૩૬૦૦૩૩/૩/૨૦૦૪/ઈએસટી (રેશ)

ઠ રા વ:

રાજ્યના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ **(Creamy layer)**માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખ આમુખના ક્રમાંક: ૮ માં જણાવેલ આ વિભાગના તા. ૨૮/૫/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ થી નિયત કરવામાં આવેલ છે. ભારત સરકારે

અન્ય પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ **(Creamy layer)**માંથી બાકાત રાખવા માટે રૂા. ૪.૫૦ લાખની આવક મર્યાદા આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ૯ પરના ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૧૪/૧૦/૨૦૦૮ નું ઓફિસ મેમોરેંડમ ક્રમાંકઃ ૩૬૦૦૩૩/૩/૨૦૦૪/ઈએસટી (રેશ)થી નિયત કરેલ છે. ભારત સરકારે નિયત કરેલ આ રૂા.૪.૫૦ લાખની આવક મર્યાદા અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્નત વર્ગ **(Creamy layer)**માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂા ૨.૫૦ લાખમાંથી વધારી રૂા. ૪.૫૦ લાખ કરવા માટેની રાજય સરકારને મળેલ રજુઆતોને ધ્યાને લઇ રાજય સરકાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્ન્ત વર્ગ **(Creamy layer)** માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂા ૨.૫૦ લાખમાંથી વધારી રૂા. ૪.૫૦ લાખ કરવાનું ઠરાવે છે.

રૂા. ૪.૫૦ લાખની આ આવક મર્યાદા આ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ ના પરિશિષ્ટ ૬ (ક) માં જણાવેલ માપદંડ સંદર્ભે નિયત કરવામાં આવે છે.

ઉન્નત વર્ગ **(Creamy layer)** માટેની આ આવક મર્યાદા સિવાયની અન્ય શરતો અને જોગવાઇઓ રાજય સરકારે વખતો વખતના ઠરાવથી નકકી કર્યા મુજબ યથાવત રહેશે.

આ ઠરાવનો અમલ ઠરાવ બહાર પડ્યાની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.વી.દેસાઈ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯,ગાંધીનગર.

રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર

સચિવશ્રી , ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.

સચિવશ્રી , ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

સચિવશ્રી , ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી

તમામ ખાતાના વડાઓ

તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)

વિભાગની તમામ શાખાઓ.

સિલેક્ટ ફાઇલ/ સેક્શન અધિકારી/ ના.સે.અધિ./શાખા સિલેક્ટ ફાઇલ

પત્ર દ્વારા.